# પ્રેક્ટિસ ટીચિંગ કાર્યક્રમ



**ડૉ. મહેશકુમાર આર. સોલંકી**
ઇન્ચાર્જ

**પ્રસ્તાવના :**

બી.એડ્. અભ્યાસક્રમનું હાર્દ અને પ્રાયોગિક કાર્ય એટલે પ્રેક્ટિસ ટીચિંગ કાર્યક્રમ બી.એડ્ ના બે વર્ષના અભ્યાસ ક્રમ દરમિયાન પ્રેક્ટિસ ટીચિંગ કાર્યક્રમમાં માઇક્રોટીચિંગ, દાર્શનિક પાઠ, સ્ટ્રે લેશન, ઇન્ટર્નશીપ કાર્યક્રમ, બ્લોક ટીચિંગ, ચર્ચા પાઠ તથા વાર્ષિક પાઠનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૨-૨૦૨૩ના પ્રેક્ટિસ ટીચિંગ કાર્યક્રમની કામગીરી ડૉ. મહેશકુમાર આર. સોલંકીએ કરી હતી. સમગ્ર વર્ષ દરમિયાન પ્રેક્ટિસ ટીચિંગ કાર્યક્રમની વિગતો નીચે પ્રમાણે છે.

**૧. માઇક્રોટીચિંગ :**

Micro Teaching is a teacher training technique માઇક્રો ટીચિંગ અંતર્ગત શિક્ષણમાં ઉપયોગી વિવિધ કૌશલ્યોનો સમાવેશ થાય છે. આ કૌશલ્યોમાં ચાલુ વર્ષે સેમેસ્ટર-I માં પ્રશ્ન પ્રવાહિતા (I), સૃદઢીકરણ (I), વિષયાભિમુખ (I), ઉત્તેજના પરિવર્તન (I), કા. પા. કાર્ય ( I), સિમ્યુલેશન (3+3) અને સિમ્યુલેશન ડીઝીટલ લેશન (૨+૨)નો સમાવેશ કરવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | પાઠની સંખ્યા | તારીખ |
|---|---|---|---|
| ૧ | ૬ - કૌશલ્યો | 3 + 3 | ૧૪-૦૭-૨૦૨૨ થી ૦૩-૦૮-૨૦૨૨ |
| ૨ | સિમ્યુલેશન | 3 + 3 | ૦૪-૦૮-૨૦૨૨ થી ૨૪-૦૮-૨૦૨૨ |
| 3 | સિમ્યુલેશન (ડિઝીટલ) | ૨ + ૨ | ૨૫-૦૮-૨૦૨૨ થી ૨૯-૦૮-૨૦૨૨ |

માઇક્રો ટીચિંગ કાર્યક્રમ તા. ૧૪-૦૭-૨૦૨૨ થી ૨૯-૦૮-૨૦૨૨ દરમિયાન છ ગ્રુપમાં તાલીમાર્થીઓની વહેંચણી કરીને બંને વિષય પદ્ધતિમાં માઇક્રો પાઠ આપીને પૂર્ણ કરેલ છે.

આ ઉપરાંત પ્રત્યેક તાલીમાર્થીએ ૧૨ માઇક્રો પાઠનું અવલોકન અને ૧૦ સિમ્યુલેશન પાઠનું અવલોકન કરેલ છે.

**૨. શાળા મુલાકાતઃ**

માઇક્રોટીચિંગ બાદ IITE, ગાંધીનગરના આયોજન પ્રમાણે સેમેસ્ટર-૧ ના પ્રશિક્ષણાર્થીઓ માટે શાળા મુલાકાત ગોઠવવામાં આવી. જેની વિગત નીચે પ્રમાણે છે.

- તા. ૦૫/૦૯/૨૦૨૨ અને ૦૬/૦૯/૨૦૨૨ - આણંદ નગરપાલિકાની પ્રાથમિક શાળાઓ
- તા. ૦૭/૦૯/૨૦૨૨ અને ૦૮/૦૯/૨૦૨૨ - આણંદ શહેરની માધ્યમિક શાળાઓ

**3. દાર્શનિક પાઠ :**

તાલીમાર્થીઓએ બી.એડ્ ની તાલીમના ભાગરૂપે ૬ કે ૧૫ મિનિટમાં અધ્યાપન કરાવવાનો અનુભવ વિવિધ કૌશલ્યો દ્વારા માઇ ટીચિંગ કાર્યક્રમમાં કર્યો. હવે શાળામાં ૩૫ કે ૪૦ મિનિટનું વિવિધ કૌશલ્ય સભર અધ્યાપન કાર્ય કરવાનો અનુભવ કરાવવા માટે કોલેજમાંથી પ્રત્યેક વિષય પદ્ધતિના અધ્યાપક દ્વારા ધોરણ ૮ થી ૧૧ નો કોઇ એક પસંદ કરીને વિદ્યાર્થીઓની સમક્ષ પાઠ આપીને આદર્શ નમૂનો પૂરો પડાય છે. જેને દાર્શનિક પાઠ કહેવામાં આવે છે.

આ દાર્શનિક પાઠની ગોઠવણી ચાલુ વર્ષે કોલેજમાં સેમેસ્ટર-II ના તાલીમાર્થીઓ માટે તા. ૪ અને ૫ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ કરેલી

હતી. જેમાં જેમાં પ્રથમ દિવસે ગુજરાતી, સામાજિક વિજ્ઞાન, ગણિત અને હિન્દી તથા બીજા દિવસે વાણિજય વ્યવસ્થા, એકાઉન્ટ, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયના દાર્શનિક પાઠ, જે તે વિષયના અધ્યાપક દ્વારા અપાયા હતા.

દાર્શનિક પાઠને અંતે તમામ વિદ્યાર્થીઓ સમક્ષ જે તે પાઠની સારી બાબતો તથા સુધારાત્મક બાબતોની ચર્ચા કરવામાં આવે છે. જેનાથી તાલીમાર્થીઓ પોતાના પાઠ વધારે સારા બનાવી શકે.

**૪. સ્ટ્રે-લેશન :**

દાર્શનિક પાઠ બાદ સેમેસ્ટર-II ના તાલીમાર્થીઓ પોતાની બંને મેથડમાં ત્રણ-ત્રણ પાઠનું લેખિત આયોજન કરે છે. ત્યારબાદ તેઓ આણંદ જિલ્લાની વિવિધ શાળાઓમાં જઈને ૩૫-૪૦ મિનિટનો પાઠ આપે છે. જેને સ્ટ્રે-લેશન કહેવામાં આવે છે. આવા ૬ સ્ટ્રેલેશન (બંને મેથડમાં ૩ + ૩) પ્રત્યેક તાલીમાર્થીએ તા. ૧૨ જાન્યુઆરી ૨૦૨૩ થી ૨૧ જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન વિવિધ શાળાઓમાં આપેલ છે. આ સાથે દરેક તાલીમાર્થીએ વિવિધ તાલીમાર્થીઓના ૧૨ પાઠનું અવલોકન પણ કરેલ છે.

**૫. બ્લોક ટીચિંગ કાર્યક્રમ :**

સેમેસ્ટર-IV ના તાલીમાર્થી બહેનો પોતાની બંને મેથડમાં ૬ + ૬ = ૧૨ લેશન આણંદ જિલ્લાની વિવિધ શાળાઓમાં આપે છે. તે લેશન સતત આપવાના હોવાથી, તે 'સતત શિક્ષણ' કે બ્લોક ટીચિંગ કાર્યક્રમ તરીકે ઓળખાય છે. ચાલુ વર્ષે બ્લોક-ટીચિંગ કાર્યક્રમ તા ૧૨-૦૧-૨૦૨૩ થી ૨૧-૦૧-૨૦૨૩ દરમિયાન આણંદ જિલ્લાની નીચેની માધ્યમિક શાળાઓમાં યોજાયો હતો.

| ક્રમ | શાળાનું નામ | ઈનચાર્જ |
|---|---|---|
| ૧ | ગો.જો શારદા મંદિર, વિદ્યાનગર | ડૉ. ડી.એમ. પટેલ |
| ૨ | સાલ્વેસન આર્મી હાઈસ્કૂલ, આણંદ | ડૉ. એમ.આર. સોલંકી |
| ૩ | પ્રિતમ હાઈસ્કૂલ, સંદેશર | ડૉ. બી.આર. મિસ્ત્રી |
| ૪ | કે.ડી. પટેલ વિદ્યા મંદિર, ગાના | ડૉ. એમ.એચ. રાઠોડ |
| ૫ | આણંદ હાઈસ્કૂલ, આણંદ | ડૉ. એસ.બી. ખૈર |
| ૬ | એન.એલ. પટેલ હાઈસ્કૂલ, સિંહોલ | ડૉ. એ.ડી. વાઘેલા |

આ સમય દરમિયાન તાલીમાર્થીઓ દ્વારા શાળામાં વિવિધ સહ-અભ્યાસ પ્રવૃત્તિઓ, સુપરત કાર્યો તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરે છે. ચાલુ વર્ષે સેમેસ્ટર-II માટે સ્ટ્રેલેશન અને સેમેસ્ટર-IV માટે બ્લોક ટીચિંગ કાર્યક્રમ ઉપરોક્ત શાળાઓમાં એકી સાથે યોજાયા હતા.

**૬. ઈન્ટ્ર્નશીપ કાર્યક્રમ:**

તાલીમાર્થીએ બી.એડ્ના અભ્યાસક્રમ દરમિયાન, સેમેસ્ટર બે તબક્કામાં ગુજરાત રાજ્યની વિવિધ શાળાઓમાં ઈન્ટ્ર્નશીપ માટે જવાનું હોય છે. ત્રીજા સેમેસ્ટરમાં સાત થી આઠ અઠવાડિયા માટે ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં તથા ચોથા સેમેસ્ટરમાં ચાર અઠવાડિયા માટે માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઈન્ટ્ર્નશીપ કાર્યક્રમ માટે જવાનું હોય છે.

આ વર્ષે ઈન્ટ્ર્નશીપ કાર્યક્રમ ગુજરાત રાજ્યની વિવિધ શાળાઓમાં નીચે પ્રમાણેના સમય દરમિયાન યોજાયો હતો.

| ક્રમ | સેમેસ્ટર | ધોરણ | સમય ગાળો |
|---|---|---|---|
| ૧ | III | ૬ થી ૮ | તા. ૧૧-૦૭-૨૦૨૨ થી ૧૦-૦૯-૨૦૨૨ |
| ૨ | IV | ૯ થી ૧૨ | તા. ૨૩-૦૧-૨૦૨૩ થી ૧૭-૦૨-૨૦૨૩ |

ઈન્ટ્ર્નશીપ કાર્યક્રમ દરમિયાન તાલીમાર્થીઓ સૈધ્ધાંતિક જ્ઞાનનો વાસ્તવિક પરિસ્થિતિમાં ઉપયોગ કરે છે આ ઉપરાંત શા પ્રવૃત્તિઓને સ્વતંત્ર રીતે સંચાલન કરવાની ક્ષમતા, પાઠ આપવાની કુશળતા, સહ-અભ્યાસ પ્રવૃત્તિઓ કરવામાં નિપુણતા, વિદ્યાર્થીઓની સમસ્યાઓને ઓળખવા અને નિરાકરણ લાવવાની ક્ષમતાઓ તથા શાળાની વહીવટી અને સંચાલન પ્રણાલીની જાણ કરવાની ક્ષમતાઓ વિકસાવે છે.

તદ્ઉપરાંત શાળાઓમાં તાલીમાર્થીઓ સઘન અધ્યાપન કાર્ય, પાઠોનું નિરીક્ષણ, મૂલ્યાંકન કાર્ય, વહીવટી કાર્ય, વિવિધ શાળાકીય પત્રકોનો અભ્યાસ, સહ-અભ્યાસ પ્રવૃત્તિઓ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ કરે છે.

**૭. ચર્ચા પાઠ :-**

તાલીમાર્થીઓને ૩૫-૬૦ મિનિટનો પાઠ આપવા અને તેની પ્રાયોગિક સમજ માટે પ્રત્યેક અધ્યાપક દ્વારા દાર્શનિક પાઠ અપાય છે. ત્યારબાદ તાલીમાર્થીઓ શાળાઓમાં પોતાની બે મેથડમાં પાઠ આપીને પોતાનું પ્રાયોગિક કાર્ય પૂર્ણ કરે છે. તે તાલીમાર્થીઓની પ્રાયોગિક પાઠની પ્રેક્ટીકલ પરીક્ષા લેવાય તે પહેલાં કોલેજમાં સેમેસ્ટર IVના બહેનો માટે જે તે મેથડની તાલીમાર્થી દ્વારા એક આદર્શ પાઠની તૈયારીઓ કરીને દાર્શનિક પાઠની જેમ જ તાલીમાર્થીઓ અને વિદ્યાર્થીઓ વચ્ચે જે પાઠ અપાય છે તેને ચર્ચા-પાઠ કહે છે. પાઠને અંતે તાલીમાર્થીઓ તથા અધ્યાપક દ્વારા પાઠની સઘન ચર્ચા થાય છે. જેનાથી તાલીમાર્થી બહેનો વાર્ષિક પાઠ માટે સુસજ્જ થાય છે.

આ વર્ષે સેમેસ્ટર-IVમાં ચર્ચા-પાઠની વ્યવસ્થા નીચે મુજબની હતી.

| ક્રમ | તારીખ | ધોરણ | વિષય | તાલીમાર્થીનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૧-૦૩-૨૦૨૩ | ૮ | વિજ્ઞાન | દિપિકા પટેલ |
| ૨ | ૧-૦૩-૨૦૨૩ | ૮ | હિન્દી | ધર્મિષ્ઠા ચાવડા |
| ૩ | ૧-૦૩-૨૦૨૩ | ૮ | ગુજરાતી | દયા કુવાડિયા |
| ૪ | ૧-૦૩-૨૦૨૩ | ૮ | સા.વિ. | હિના પ્રજાપતિ |
| ૫ | ૨-૦૩-૨૦૨૩ | ૧૧ | એકાઉન્ટ | દિવ્યતા જાની |
| ૬ | ૨-૦૩-૨૦૨૩ | ૧૧ | અર્થશાસ્ત્ર | વિધિ અગ્રાવત |
| ૭ | ૨-૦૩-૨૦૨૩ | ૮ | ગણિત | અંકિતા યાદવ |
| ૮ | ૨-૦૩-૨૦૨૩ | ૮ | અંગ્રેજી | જ્યોતિ પરમાર |

**૮. વાર્ષિક પાઠ :**

તાલીમાર્થી બહેનો ચર્ચા-પાઠ પૂરા થયા બાદ વાર્ષિક પ્રાયોગિક પરીક્ષા માટે બંને મેથડમાં ૫૦-૫૦ ગુણનો એક એક પાઠ તૈયાર કરે છે. જેને વાર્ષિક પાઠ કહે છે. આ વર્ષે સેમેસ્ટર- IV ની તાલીમાર્થી બહેનો માટે વાર્ષિક પ્રાયોગિક પરીક્ષાનો કાર્યક્રમ નીચે પ્રમાણેનો હતો.

| ક્રમ | તારીખ | શાળાનું નામ | લેશનની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૯-૦૩-૨૦૨૩ | ધી સાલ્વેશન આર્મી હાઈસ્કૂલ, આણંદ | ૨૬ |
| ૨ | ૧૦-૦૩-૨૦૨૩ | શ્રી ડી.એસ. પટેલ હાઈસ્કૂલ, વલાસણ | ૨૭ |
| ૩ | ૧૧-૦૩-૨૦૨૩ | પ્રિતમ હાઈસ્કૂલ, સંદેશર | ૨૫ |
| | | કુલ લેશનની સંખ્યા | ૭૮ |

આમ વર્ષ દરમિયાન ચારેય સેમેસ્ટરના તાલીમાર્થીઓ માટે ઉપરોક્ત પ્રમાણેના કાર્યક્રમો યોજીને પ્રેક્ટિસ ટીચિંગ કાર્યક્રમ સંસ્થાના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ અધ્યાપકો, તાલીમાર્થીઓ, વહીવટી કર્મચારીઓ, શાળાના આચાર્યશ્રીઓ તથા શિક્ષકોના સહકારથી સંપન્ન થયેલ છે.